અપીલ અરજી નં.૨૯૫ તા.૧૩–૧–૦૯

અરજદાર: શ્રીમતી મૃદુલા રાજકુમાર શર્મા
સામાવાળા: ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)

## *ફરીયાદની હકીકત:–*

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રીમતી મૃદુલા રાજકુમાર શર્માની તા.૧૨–૯–૦૮ની અરજીથી અડાજણ સર્વે નં.૪૦૫ ને તે પૈકી સર્વે નં.૪૦૬/૧ ટીપી નં.૧૨ ફા.પ્લોટ નં.૧૮૩ રાધે એપા. ફ્લેટ નં.સી–૧૦૧,૧૦૨,૧૦૩ શોપ નં.૧૦ ની કમ્પાઉન્ડ વોલ એપ્રિલ ૨૦૦૬ અને ઓકટોબર ૨૦૦૭ માં ડીમોલીશન કરેલ બાબતે માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૩–૧–'૦૯ ની અપીલ અરજી નં.૨૯૫/૨૦૦૮–૦૯

શ્રીમતી મૃદુલા રાજકુમાર શર્માની તા.૧૨–૯–૦૮ની અરજીથી અડાજણ સર્વે નં.૪૦૫ અને તે પૈકી સર્વે નં.૪૦૬/૧ ટીપી નં.૧૨ ફા. પ્લોટ નં.૧૮૩ રાધે એપા. ફ્લેટ નં.સી–૧૦૧,૧૦૨,૧૦૩ શોપ નં.૧૦ ની કંમ્પાઉન્ડ વોલ એપ્રિલ ૨૦૦૬ અને ઓકટોબર ૨૦૦૭ માં ડીમોલીશન કરેલ બાબતે માહિતી આપવા બાબતે ઝોનલચીફ રાંદેર ઝોનનો પત્ર નં.આરટીઆઈ/આ.નં.૧૩૭ તા.૧૦–૧૦–૦૮ થી આપવામાં આવેલ જવાબ અસંતોષકારક તેમજ અધૂરો હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ. જે અંગે આરટીઆઈ ની કલમ–૬(૩) હેઠળ અપીલ અધિકારીને દિન–૫ માં તબદીલ કરવાને બદલે અપીલ બાબતે પણ અરજી મુજબનો જ પ્રત્યુત્તર જાહેર માહિતી અધિકારી ધ્વારા પરભારે પાઠવી દેતાં અરજદાર ધ્વારા તેમના તા.૧૩–૧–૦૯ ના પત્રથી તે અંગે નારાજગી વ્યકત કરી લીધેલ નિર્ણયને પડકારેલ છે .

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ તેમજ અપીલ તબદીલ કરવાને બદલે સીધો નિકાલ કરવા અંગે પણ યોગ્ય સ્પષ્ટતા સહિત પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૮૪ તા.૨૦–૧–૦ ૯થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ વિશેષ માહિતી મળેલ નથી. માહિતી/ દસ્તાવેજો નહી આપવા કલમ–૮,૯ કે ૧૧ અન્વયે કોઈ અપવાદ હેઠળ ઈન્કાર જણાવેલ નથી.

અરજદારની તા.૧૨–૯–૦૮ ની અરજીથી માંગેલ માહિતી અંગે આરટીઆઈ/આ.નં.૧૩૭ તા.૧૦–૧૦–૦૮ થી અરજદારને માહિતી પૂરી પાડેલ છે. અરજદારે સદર માહિતીથી નારાજ થઈ તા.૧૫–૧૧–૦૮ ના રોજ અપીલ અરજી કરેલ જે આરટીઆઈની કલમ–૬(૩) હેઠળ અપીલ અધિકારીને દિન–૫ માં તબદીલ કરવાને બદલે અપીલ બાબતે પણ અરજી મુજબનો પ્રત્યુત્તર આરટીઆઈ નં.૨૧૯ તા.૧૫–૧૨–૦૮ થી અરજદારને પાઠવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૧૩–૧–૦૯ ના પત્રથી નારાજગી વ્યકત કરી લીધેલ નિર્ણયને પડકારેલ છે. અરજદારે મુળ અરજીમાં રાધે એપા.(સુદામા હોટલ) ન્યુ. રાંદેર રોડ,સુરત સી બ્લોક ફલેટ નં.સી/૧૦૧ થી ૧૦૩ તથા દુકાન નં.૧૦ ની કમ્પાઉન્ડ વોલ જે તા.૩૧–૮–૦૮ ના રોજ વિકાસ પરમીશન નં.ટીડીઓ/વેસ્ટઝોન/ટીપી/૧૦૯ તા.૨૬–૮–૦૮ ના અનુસંધાને બનાવેલ તેના ત્રીજી વખતના ડીમોલેશન બાબતે એપ્રિલ–૨૦૦૬ થી ૧૦ સપ્ટે–૦૮ ડીમોલીશન અંગેની ફરીયાદ, ડીમોલીશન ઓર્ડર/નોંધ અને દસ્તાવેજ ઈસ્યુ કરેલ નોટીસ વિગેરેની માંગણી કરેલ છે સાથે આપેલ વિકાસ પરમીશન પછી પણ ડીમોલીશન કરવાની કાર્યવાહી અંગે નિયમ,જોગવાઈની માહિતી માંગી ડીમોલીશનના બંન્ને સમયે નોટીસો ઈસ્યુ નહીં કરવાના કારણની વિગત પણ માંગેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૧૦–૧૦–૦૮ ના તેમજ તા.૧૫–૧૨–૦૮ થી બંન્ને પત્રોથી અરજદારને જણાવેલ છે. કે તળની જગ્યાની માલીકી સમગ્ર ફલેટ હોલ્ડરોની હોય છે. જેથી તેવી જગ્યામાં બાંધકામ કરતા પૂર્વે તમામ ફલેટ હોલ્ડરોની સહી અથવા એપાર્ટમેન્ટના પ્રમુખમંત્રીનું ન વાંધાપત્રક રજુ કરવાનું હોય છે. જે અરજદારે રજુ કરેલ ન હોઈ તા.૨૬–૮–૦૮ ની રજાચિઠ્ઠીમાં શરત નં.૪ માં ઉલ્લેખ કર્યાનું પણ જણાવેલ. નોટીસો બાબતે રેકર્ડ જોતાં આપેલ નહીં હોવાનું જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને આંશિક માહિતી પૂરી પાડેલ જણાય છે. ડીમોલેશનની ફરીયાદ નોટીસ નહીં આપવાના કારણો, શરતી મંજુરીના નિયમ,જોગવાઈની માહિતી આપેલ નથી તથા અરજદારે માંગેલ ડીમોલેશન અંગેના હુકમ નોંધ, તેમજ દસ્તાવેજની નકલો આપેલ જણાતી નથી.

## *હુકમ*

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૯–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પડાયેલી નિર્દિષ્ટ માહિતી લાગત ફાઈલનું ઈન્સ્પેકશન પુરું પાડવા સહિત અરજદારે માંગેલ દસ્તાવેજોની નકલ સહિતની માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રીમતી મૃદુલા રાજકુમાર શર્મા